RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ : ૦૯ | અંક : ૦૪ | ઓકટોબર - ૨૦૨૩ | કિંમત : ૧૦/-

## દિપાવલી વિશેષાંક



ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )





મંત્રયુગપરિવર્તક ઉઁકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ઉઁઋષિ સ્વામી

## પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ઉઁઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની રક્ષા મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવસ.

આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે નીચેના

**મોબાઈલ નંબર 9537220959, 9429208997** ઉપર સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**

**૧૧/ ૧૧/ ૨૦૨૩ - શનિવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

**સુવર્ણ જયંતી હોલ,** શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ, અતુલ પેટ્રોલ પંપની સામે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.

**ખાસ નોંધ :** કાળીચૌદશની સાધનામાં પુરૂષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.


**સંપર્કસૂત્ર**

ઉઁકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ, અન્નાપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.




॥ ॐ નમઃ ॥

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬.
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓક્ટોબર-૨૦૨૩ | પાના નં: ૨૪
વર્ષ: ૦૯ | અંક: ૦૪
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાય દ્વારા માસિક પ્રકાશિત થતું મેગેઝિન અને દિવ્યાંગ સેતુ મેગેઝિનનો આપ સૌ ભક્તજનો તરફથી ખૂબ ઉમદા સહકાર અને પ્રતિસાદ મળે છે એ બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર...

આ વખતે દિપોત્સવી અંક આપ સૌને મોકલતા મને ખૂબ આનંદની લાગણી અનુભવાય છે. દિપોત્સવી અંકમાં આ વખતે પણ આપ સૌનું આખું વર્ષ ઉત્તમ પસાર થાય એ માટે પરમ પૂજ્ય ગુરુજીએ ખૂબ મહેનત અને ધ્યાનથી આ મેગેઝિનને તૈયાર કર્યું છે.

આપ સૌ ભક્તજનોને પરમ પૂજ્ય ગુરુજીનો ઘણીવખત ચમત્કારિક અનુભવ થયો છે અને ગુરુજી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હંમેશા આપ જ્યારે શ્રદ્ધાથી યાદ કરો ત્યારે આપ એમનો અનુભવ કરી શકો છો. નવા વર્ષમાં પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી આપ સૌની જીવનનૈયા ઉત્તમ રીતે પાર પડે તેવી ૐકારના દિવ્ય ચૈતન્યને પ્રાર્થના કરું છું.

આ સાથે અહીંયા હું ગુરૂજી રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

## 'નાદ'

મસ્ત થઈને મનમાં એ મલકે તો, મલકાવા જ દે,
એ મજાનું ગીત કોઈ ગાય તો, ગાવા જ દે;
રોજ જેની આંખમાં આંસુ જ બસ જોવા મળે,
આજ જો એ મનભરી હરખે તો, હરખાવા જ દે;
કાલ સુધી જ્યાં ફક્ત ભેંકાર આંટા મારતો'તો,
ખુશ્બુ ભીની ત્યાં સરસ ઠલવાય, ઠલવાવા જ દે;
આ વસંતી વાયરાની સાથમાં ઝૂમી જઈ,
પાંદડાઓ પ્રેમથી મલકાય, મલકાવા જ દે;
ૐગુરુ ૐમાં ડૂબ્યા પછીથી જો સતત,
નાદ એને ૐનો સંભળાય, સંભળાવા જ દે.

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ




# વિક્રમ સંવત ૨૦૮૦માં રાશિ મુજબનું ભવિષ્ય ફળકથન અને દરેક રાશિ માટેના કષ્ટનિવારક ચમત્કારિક મંત્રો

## મેષ (અ.લ.ઇ.)

મેષ રાશિના જાતકોનું આ વર્ષ એકંદરે મધ્યમ પસાર થશે. લોન કે વ્યાજે પૈસા લેવા નહિ કે ઉછીના પૈસા આપવા નહિ. પૈસાની લેવડદેવડ બાબતે ખાસ ધ્યાન રાખવું. કોઈની સાથે વાદવિવાદ કે ગેરસમજ ઊભી થવાના યોગ છે. દલાલીના ધંધામાં લાંબાગાળે વધુ મહેનતે સફળતા મળે.વાહન અકસ્માતથી સાવધ રહેવું. આર્થિક બાબતે આપ થોડી સંકળામણ અનુભવશો. વિદેશ જવાના યોગ પ્રબળ છે. સંતાનોના વિકાસ માટે સારી તક મળે.

ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, કન્સ્ટ્રક્શન તેમજ પ્રાઈવેટ ક્ષેત્રમાં જોબ કરતા લોકો માટે આર્થિક સ્થિતિ મૂંઝવણભરી રહેશે. કોર્ટ-કચેરીના અટકેલા કામો પરિપૂર્ણ થશે. ફસાયેલા નાણાં પરત આવે. આરોગ્ય બાબતે આ વર્ષ એકંદરે સારું છે. સ્ત્રીઓને એમની જવાબદારીમાંથી એપ્રિલ-૨૦૨૪ પછી થોડી રાહત થશે.

યાત્રા-પ્રવાસો થાય અને એનાથી મન પ્રફુલ્લિત રહે. વિદ્યાર્થીઓને એમની મહેનતના પ્રમાણમાં ધાર્યું પરિણામ પ્રાપ્ત થશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ સૂર્યામીતા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વાવિદ વાવિદ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સરસ્વતીદેવી મહાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## વૃષભ (બ.વ.ઉ.)

આ વર્ષ આપનું મધ્યમ અને થોડું સંઘર્ષમય પસાર થશે. શત્રુઓ કે હરીફોથી સાવધાન રહેવું. શેરસટ્ટામાં ક્યાંક પૈસા ડૂબી ના જાય તેનું ધ્યાન રાખવું, નહિતર મોટું આર્થિક નુકસાન ભોગવવું પડશે. અટકેલી ઉઘરાણી પરત આવવાના યોગ પ્રબળ છે. કોર્ટ કેસ ચાલતો હોય તો એ કામમાં સજાગ રહેવું. આ વર્ષ દરમ્યાન આર્થિક તકલીફનો સામનો કરવો પડે.

આ વર્ષ દરમ્યાન લોન લેવાનું ટાળવું. એગ્રીકલ્ચરના ધંધા સાથે સંકળાયેલા લોકો માટે આ વર્ષના મધ્યનો સમય એકંદરે સારો રહેશે. આરોગ્ય બાબતે બેપરવાહ ન રહેવું, નહિ તો કોઈ ગંભીર બિમારીનો સામનો કરવો પડશે. દામ્પત્યજીવનમાં ગુસ્સા પર કાબુ રાખવો. વારસાગત મિલકતના પ્રશ્નોના ઉકેલમાં આ વર્ષે સફળતા મળશે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ વધુ મહેનત સાથે સફળતા પ્રાપ્ત કરાવશે. ખરાબ સંગતથી દૂર રહેવું. આપનું વિદેશ ભણવા જવાનું સપનું સાકાર થશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ વાવિતા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ રાવિન્ય વાજીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનદેવી મહાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મિથુન (ક.છ.ઘ.)

મિથુન રાશિના જાતકોનું આ વર્ષ ઉત્તમ પસાર થશે. નોકરિયાતોને તેમના ક્ષેત્રમાં ઉચ્ચ પદ કે હોદ્દો મળશે. શેરબજારના ધંધામાં અણધાર્યો ફાયદો થશે. ખાદ્યપદાર્થના ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો માટે આ વર્ષ આર્થિક ઉન્નતિ અને પ્રગતિકારક સાબિત થશે. કોર્ટ કેસમાં તમારી તરફેણમાં ફેસલો આવવાની શક્યતા છે.

બહારગામ કે વિદેશ ફરવા જવાના યોગ છે. પતિ-પત્નીના સંબંધમાં મીઠાશ રહેશે. લોખંડ અને પ્લાસ્ટિકના ધંધામાં માલનો ભરાવો કરવો નહિ. કારીગરવર્ગની થોડી પરેશાનીનો સામનો કરવો પડે. વાહન લેવાની ઈચ્છા પરિપૂર્ણ થશે. આરોગ્યની બાબતે આ વર્ષે નાની-નાની મુશ્કેલીઓ રહેશે પરંતુ એકંદરે સારું રહેશે.

વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય રહેશે.વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જાન્યુઆરી થી માર્ચની વચ્ચે ખૂબ સારા યોગ છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ લક્ષ્મીદેવી મહાદેવી પ્રાંગ પ્રાંગ નમઃ ॥**

**॥સ્ત્રી : ॥ ૐ ગુરૂતા શક્તિતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ ગુરુવે જ્ઞાનમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કર્ક (ડ.હ.)

કર્ક રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. વ્યવસાયિક, રાજકીય ક્ષેત્રે મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ કરવી નહિ. બુદ્ધિ-કુશળતાથી કામ કરવું. કોઈના ભરોસે રહેવાથી માનહાનિ અને નુકસાન થવાના યોગ પ્રબળ છે. નાના-મોટા હિસાબો પર જાતે જ ધ્યાન આપવું. આર્થિક તંગીનો સામનો કરવો પડે. જમીન-મકાનમાં રોકાણ કરવું આ વર્ષ દરમ્યાન હિતાવહ નથી. પરિવારના કે કુટુંબના સભ્યો સાથે વિખવાદ ઊભો થાય. સંતાન બાબતે ધ્યાન આપવાની જરૂર છે.

નોકરી કરતા લોકોને બઢતી-પ્રમોશન બદલી સાથે મળવાના યોગ છે. શેરબજારમાં રોકાણ સમજી વિચારીને કરવું, નહિ તો મોટું નુકસાન ભોગવવાનો વારો આવશે. માનસિક તાણ રહ્યા કરે. ઉત્પાદનના ધંધા સાથે સંકળાયેલા લોકોએ ધનની લાલસાના કારણે કોઈ ખોટો નિર્ણય ન લેવાઈ જાય એનું ધ્યાન રાખવું. પોતાના ધંધામાં જાતે જ ધ્યાન આપવું, કોઈના પર છોડવું નહિ.

વિદ્યાર્થી માટે આ વર્ષ મિશ્ર પસાર થશે. ભણવામાં મન ન લાગે અને આળસ આવે એવું થશે, પરંતુ એને ત્યજીને જો મહેનત અને નીચે આપેલ મંત્ર નિયમિત કરશો તો ધાર્યું પરિણામ મેળવી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ રાવત લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ શુભીકા લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ વિદ્યાદેવી જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## સિંહ (મ.ટ.)

સિંહ રાશિના જાતકોનું આ વર્ષ એકંદરે સારું પસાર થશે. આ વર્ષ તમને આર્થિક દૃષ્ટિએ મોટો લાભ આપી શકે છે. વેપારમાં મોટી સફળતા મળવાની સંભાવના છે. વ્યવસાયિક અર્થે બહાર જવાથી મોટો ફાયદો થશે. શેરબજાર દ્વારા મોટો નફો કમાઈ શકો છો.

વર્ષના અંતિમ મહિનાઓમાં મિલકતને લગતા વિવાદો ઊભા થઈ શકે છે. માટે તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખો. સમાજમાં તમારું સન્માન વધશે. વડીલવર્ગે તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. દામ્પત્યજીવનમાં ઉતાર-ચઢાવની સ્થિતિ બની રહેશે.

જમીનને લગતા કેસોમાં વિજય પ્રાપ્ત થશે. આત્મવિશ્વાસથી દરેક ક્ષેત્રમાં ઝંપલાવશો તો સફળતા અચૂક મળશે. નોકરિયાત વર્ગને પ્રમોશન મળવાના યોગ પ્રબળ છે. સરકારી નોકરી માટે પ્રયાસ કરી રહેલા ઉમેદવારોને નોકરી મળી શકે છે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ખૂબ મહેનત કરશે તો સફળતા ચોક્કસ એના કદમ ચૂમશે. ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંબંધિત કાર્યમાં મોટી સફળતા મળશે. વર્ષનો છેલ્લો સમય વિદેશ અભ્યાસ માટે ઉત્તમ છે. ધાર્યા કરતા સારા પરિણામ મળવાથી મન પ્રસન્ન રહેશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ કાર્યદેવી મહાલક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રીવા લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સૂર્યતા જ્ઞાનમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કન્યા (પ.ઠ.ણ.)

કન્યા રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ ખૂબ જ સારું પસાર થશે. શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી તમને શ્રેષ્ઠ નફો મળશે. વેપારમાં ભાગીદારો સાથે તાલમેલ ઉત્તમ રહેશે. પ્રોપર્ટી, વીમા કંપની, બેન્કિંગ ક્ષેત્રોમાં ખૂબ કમાણી થશે. વૈભવશાળી જીવન જીવી શકશો. ખર્ચમાં પણ વધારો થશે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ થોડી નાની-મોટી તકલીફોનો સામનો કરવો પડે, પરંતુ એકંદરે શુભ દેખાઈ રહ્યું છે.

આકસ્મિક ઘટનાઓ તમને પરેશાન કરી કરશે. પારિવારિક જીવન ખૂબ જ સુખી રહેશે. કોઈપણ પ્રકારના કપટ કે અસત્યથી બચવું. નોકરિયાત વર્ગને સારા પ્રમોશન સાથે સારો પગાર મળશે. નવા ક્ષેત્રમાં રોકાણ કરવાથી આર્થિક ફાયદો થઈ શકે છે. દગાબાજી અને પરેશાનીઓથી સાવચેત રહેવાની સલાહ છે. મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે માર્ચ પછીનો સમય શ્રેષ્ઠ છે.

વિદ્યાર્થીવર્ગને આ વર્ષે સખત મહેનત કરવાની સલાહ છે. માસ્ટર કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક છે. ફાઈનાન્સના લીધે વિદ્યાભ્યાસમાં અડચણ ન આવે તેના માટે પૂર્વ તૈયારી રાખવી જરૂરી છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ પ્રવિત્યા પ્રવિત્યા લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વીદાતી વીદાતી લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ ગુરુત્ય જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## તુલા (ર.ત.)

તુલા રાશિના જાતકોનું આ વર્ષ મિશ્ર પસાર થશે. શેરસટ્ટામાં કર્જ ના થાય તેનું ધ્યાન રાખવું. ભાડાની કે વ્યાજની આવક ધરાવતા લોકોએ સાવધાની રાખવી. ધંધામાં ઉતાર ચડાવ આવ્યા કરે. આરોગ્ય પ્રત્યે લાપરવાહી છોડવી પડશે. ફેબ્રુઆરી પછી તમારી પાસે ધન આવવાની નવી સંભાવનાઓ ઊભી થશે. વેપારીવર્ગે મોટા મૂડીરોકાણથી બચવું જોઈએ. આર્થિક સફળતા અને પૈસાની સગવડનો અનુભવ થાય, પરંતુ સમજી વિચારીને નિર્ણય લેવામાં ન આવે તો નુકસાની થશે. આ વર્ષ દરમ્યાન લોન કે દેવું કરવું નહિ. ખોટી લાલચ અને મોહમાં ફસાઈ ના જવાય તેની કાળજી રાખવી.

સરકારી કે અર્ધસરકારી કર્મચારીઓએ ખૂબ જ સાવચેતી રાખવી. કોઈપણ રાજકીય લોકોનો હાથો ના બની જાઓ તેનો ખ્યાલ રાખવો. વાહન ચલાવવામાં સાવધાની રાખવી. નવા સાહસો કે પ્રયોગો સમજી વિચારીને કોઈ જ્ઞાનીની સલાહથી કરવા. દામ્પત્યજીવનમાં સુમેળભર્યા સંબંધો રહેશે. કોર્ટ કેસમાં વિજય પ્રાપ્ત થશે. અણધાર્યા લાભ થશે. સંતાન ઈચ્છુક માટે ઉત્તમ સંતાનયોગ બને. વિદેશ ફરવા જવાના યોગ છે.

વિદ્યાર્થીઓને વિદેશ ભણવા જવાનું સપનું સાકાર થશે. મક્કમ મનોબળ રાખીને મહેનત કરશો તો ઉત્તમ પરિણામ અવશ્ય પ્રાપ્ત થશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શુભીકા શુભીકા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રિવાત્ય લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનત્ય સરસ્વતીદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## વૃશ્ચિક (ન.ય.)

આ વર્ષ આપનું મધ્યમ પસાર થશે. આર્થિક તકલીફોને પહોંચી વળવા માટેના પ્રયત્નો નિષ્ફળ નીવડે. શારીરિક તકલીફોમાં નાણાંકીય ખર્ચ થાય. વડીલવર્ગનો સાથ સહકાર મળે. ધંધાકીય મુશ્કેલીઓના કારણે આર્થિક નુકસાન સહન કરવું પડે. ઉઘરાણી પાછી મેળવવામાં તકલીફ પડે. ભાગીદારોના વ્યવસાયિકો માટે લાભદાયી રહે. નવી ભાગીદારીની તકો આવે. દામ્પત્યજીવનમાં ઊભી થયેલી ગૂંચવણો દૂર થાય.

સ્થાવર-મકાન મિલકત અંગેના કામકાજમાં વિલંબ થાય. નવા વાહનની ખરીદી કરવી હિતાવહ નથી. રાજકીય અને સામાજિક કાર્યકર્તાઓને માટે અપયશ અને ખોટા આક્ષેપોનો કરવો પડે. સંતાનોની પ્રગતિ આપને આનંદ આપશે. વિદેશ જવા ઈચ્છનાર માટે અનુકૂળ સમય નથી. શેર-સટ્ટાકીય કામકાજથી દૂર રહેવું. નોકરિયાતોને પ્રગતિ થાય અને આવકમાં વધારો થાય. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ થોડું કપરું છે. મિત્રોની ખોટી સોબતમાં ગેરમાર્ગે દોરવાઈ ના જવાય તેની કાળજી રાખવી. મહેનત-પરિશ્રમના પ્રમાણમાં ધાર્યું પરિણામ ના મળે. ડિગ્રી પ્રાપ્તિમાં અવરોધો અને મુશ્કેલી આવે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ રીવાલ્ય રીવાલ્ય લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ રાહુતાની લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ શારદાદેવી જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## ધન (ભ.ફ.ધ.ઢ.)

ધન રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ મિશ્ર ફળ આપનારું રહેશે. નવા ધંધાના વિકાસમાં રૂકાવટો આવે. સામાજિક યશ-પ્રતિષ્ઠામાં વધારો થાય. તમારા અગાઉના અધૂરા કામને પૂર્ણ કરી આર્થિક મોટો લાભ મોટો મેળવી શકો. આવકમાં વધારો કરવાના તમારા પ્રયત્નો સફળ થાય. રાજકીય કાર્યકર્તાઓને મહેનત પરિશ્રમ વધુ છતાં સફળતા નહીંવત મળે. નોકરિયાતવર્ગને કામકાજમાં જવાબદારીની સાથે આવકમાં વધારો થાય. કોર્ટ-કચેરીના કામકાજમાં વધુ મુશ્કેલીઓ પછી સફળતા મળે.

શેર-સટ્ટાકીય કાર્યોમાં બહુ લોભ કરવો નહિ. ભાગીદારીના કામકાજમાં દગો થવાની શક્યતા છે. શરદી-કફ-વાયુ પ્રકૃતિના રોગોથી સાચવવું. પરિવારના સભ્યો વચ્ચે મનદુઃખના પ્રસંગ બને. સાહસિક કાર્યોમાં સંભાળવું. લખાણ-દસ્તાવેજના કાર્યોમાં સાચવવું. નોકરિયાતવર્ગને બઢતી અને પ્રમોશનની શક્યતા નકારી શકાતી નથી.

વિદ્યાર્થીઓને અભ્યાસમાં - પ્રગતિમાં અવરોધો આવે. ઉચ્ચ ડિગ્રી પ્રાપ્તિમાં તમારા પ્રયત્નો વધુ મહેનતે સફળ થાય.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ધનીતા ધનીતા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ધનત્ય લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનમ જ્ઞાનમ વિદ્યાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મકર (ખ.જ.)

આ રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. હાથમાં આવેલી તકો ગુમાવવી પડે. ધાર્મિક કાર્યોનું આયોજન કરી શકશો. પેટને લગતી તકલીફોનો સામનો કરવો પડે. ખાનપાનમાં અનિયમિતતાના કારણે શારીરિક તકલીફો વધે. કૌટુંબિક કલેહ-કંકાશનો સામનો કરવો પડે. વિદેશ જવા ઈચ્છતા જાતકોની ઈચ્છા પૂરી થાય.

શેર-સટ્ટાકીય કામકાજમાં નુકસાન થાય. મહેનત-પરિશ્રમનું ફળ યોગ્ય ના મળે. દામ્પત્યજીવનમાં નાની-નાની બાબતોમાં વૈચારિક મતભેદ રહે. ઉત્પાદન, લોખંડના ધંધા સાથે સંકળાયેલાઓને કામકાજમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કોઈ નવું સાહસ કરવું હિતાવહ નથી. નોકરિયાતોને આર્થિક મુશ્કેલીઓનો અને ઉપરી અધિકારીના પ્રેસરનો સામનો કરવો પડે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ પ્રગતિકારક રહેશે. તમે પુરુષાર્થનું યોગ્ય ફળ મેળવી શકશો. ઉચ્ચ ડિગ્રી માટે વિદેશ ભણવા જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ મહાતીકા મહાતીકા લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ માવલ્ય લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ શારદાદેવી સરસ્વતીદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કુંભ (ગ.શ.ષ.)

કુંભ રાશિના જાતકોનું આ વર્ષ સંઘર્ષમય પસાર થશે. આકસ્મિક આર્થિક નુકસાન થાય. ધંધાકીય કાર્યોમાં રૂકાવટો આવે. નવા મકાન-વાહનની ખરીદીમાં અવરોધ આવે છતાં તમે ઈચ્છિત પ્રાપ્તિ કરી શકશો. સામાજિક યશ-પ્રતિષ્ઠાની હાનિ થાય. નવી ભાગીદારી માટે પ્રતિકૂળતા રહે. બિનજરૂરી ખર્ચથી દૂર રહેવું. માનસિક અશાંતિ રહ્યા કરે. વડીલોનો સાથ સહકાર મળે. કોર્ટ-કચેરીના કામકાજમાં પ્રતિકૂળતા વધે.

નોકરિયાતવર્ગને નોકરીમાં ઉપરી અધિકારીઓ અને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. સરકારી કાર્યોમાં વિઘ્નોનો સામનો કરવો પડે. વિદેશ જવાના યોગ બને. હિત-શત્રુઓથી સાવચેત રહેવું. ધંધાકીય કામકાજમાં નાની મોટી તકલીફો રહે. સંતાનોની પ્રગતિના યોગ પ્રબળ છે. બ્લડપ્રેશર કે હાર્ટસંબંધી તકલીફવાળાઓએ વિશેષ કાળજી રાખવી. લાંબી બીમારીથી સાચવવું. નાની-નાની બાબતમાં કૌટુંબિક ઘર્ષણ રહ્યા કરે. શેર-સટ્ટાકીય કાર્યોમાં ગણતરીપૂર્વક કામકાજ કરશો તો સારી સફળતા મેળવશો.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આત્મવિશ્વાસ સાથે લીધેલા નિર્ણય સફળતા અપાવશે. વધુ મહેનત પરિશ્રમ કરશો તો સફળતા મેળવી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ તતલ્ય તતલ્ય લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ તાવીકા લક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ ગુરુમ્ય જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મીન (દ.ચ.ઝ.થ.)

મીન રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. તમને પ્રગતિની સારી તકો મળે છતાં તમે તે પ્રાપ્ત ન કરી શકો. દામ્પત્યજીવનમાં જીવનસાથીની આર્થિક પ્રગતિ થાય. ભાગીદારીના કામકાજમાં મહેનત-પરિશ્રમનું ફળ ઓછું મળે. ધાર્મિક કાર્યો થાય. જીવનમાં કંઈક નવું કરવાની ઈચ્છા પૂર્ણ થાય. મોજશોખ અને વૈભવવિલાસમાં ધન વ્યય ઓછો કરવો. વડીલોપાર્જિત ધનસંપત્તિની પ્રાપ્તિ થાય.

ધંધા-વ્યવસાયિકોને આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. સરકારી કર્મચારીઓ માટે આ વર્ષ વિઘ્નો ભરેલું રહેશે. તમે નકારાત્મક વિચારોથી ઘેરાયેલા રહેશો. આવક કરતા જાવકનું પ્રમાણ વધુ રહેશે. કૌટુંબિક વાતાવરણ તંગ રહે. નોકરિયાતોને આર્થિક પ્રગતિના કાર્યોમાં વિલંબ થાય અને જવાબદારીમાં વધારો થાય. રાજકીય ક્ષેત્રે કાર્યકર્તાઓ માટે સમય અનુકૂળ રહે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અભ્યાસમાં એકાગ્રતા રાખવી ખૂબ જરૂરી છે. અંગત મિત્રો દ્વારા દગો થાય. આ વર્ષે તમારે અભ્યાસમાં ખૂબ મહેનતની જરૂર છે. વિદેશ ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ડિસેમ્બર પછીનો સમય ઉત્તમ છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૦ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૩ થી દિવાળી ૨૦૨૪ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શુભાંશુ શુભાંશુ લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ મહાલક્ષ્મીદેવી પ્રાગટ્ય નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સરસ્વતીદેવી શક્તિમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**


સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

**YouTube**

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો

સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"

સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો

સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# દિવાળીના શુભ મુહૂર્તો (સં.૨૦૭૯ ઇ.સ.૨૦૨૩)

## સંવત ૨૦૭૯માં નવા ચોપડા ખરીદવાના અને નોંધાવવાના શુભ મુહુર્તો



(૧) આસો વદ-૬, શુક્રવાર, તા.૦૩-૧૧-૨૦૨૩
સવારે ૬-૪૩ થી ૧૦-૫૫ કલાક
બપોરે ૧૨-૨૫ થી ૧૩-૪૯ કલાક
સાંજે ૧૭-૩૨ થી ૧૮-૨૫ કલાક

(૨) આસો વદ-૭, શનિવાર, તા.૪-૧૧-૨૦૨૩
બપોરે ૧૨-૨૦ થી ૧૬-૩૯ કલાક
સાંજે ૧૮-૦૩ થી ૧૯-૩૩ કલાક

(૩) આસો વદ-૮, રવિવાર, તા.૫-૧૧-૨૦૨૩
પુષ્ય નક્ષત્ર ૧૦-૨૭ સુધી છે.
સવારે ૮-૧૫ થી ૧૦-૨૭ કલાક



## ધનતેરસ - ધન પૂજન - લક્ષ્મીપૂજન - કુબેરપૂજનના શુભ મુહૂર્તો તેમજ

**આસો વદ-૧૨, શુક્રવાર, તા.૧૦-૧૧-૨૦૨૩**



સવારે ૬-૪૨ થી ૧૦-૫૬ કલાક
બપોરે ૧૨-૦૫ થી ૧૩-૪૩ કલાક
સાંજે ૧૭-૩૭ થી ૧૮-૨૧ કલાક
રાત્રે ૨૧-૨૦ થી ૨૨-૫૮ કલાક



## કાળીચૌદશ - કાળીપૂજા - યંત્રપૂજાના શુભ મુહૂર્તો



**આસો વદ-૧૩, શનિવાર, તા.૧૧-૧૧-૨૦૨૩**

રાત્રે ૨૩-૪૨ થી ૨૪-૩૪ કલાક



## ધનલક્ષ્મી-ચોપડા-શારદાપૂજનનાં શુભ મુહૂર્તો દિવાળી-દિપાવલી-લક્ષ્મી-શારદા ચોપડા પૂજન

**આસો વદ-૧૪, રવિવાર, તા.૧૨-૧૧-૨૦૨૩, દિવાળી-દિપાવલી**



સવારે ૯-૩૫ થી ૧૨-૨૨ કલાક
બપોરે ૧૩-૪૮ થી ૧૫-૧૨ કલાક
સાંજે ૧૭-૫૩ થી રાત્રે ૨૨-૪૮ કલાક



## બેસતુંવર્ષ સં.૨૦૮૦માં ધંધો-વેપાર-દુકાન-પેઢી ખોલવાના શુભ મુહૂર્તો



**કારતક સુદ-૧, મંગળવાર, તા.૧૪-૧૧-૨૦૨૩, બેસતુંવર્ષ-નૂતનવર્ષ**



સવારે ૮-૩૫ થી ૧૩-૪૯ કલાક

## લાભપાંચમ-જ્ઞાનપંચમીના શુભ મુહૂર્તો

शुभ

**કારતક સુદ-૫, શનિવાર, તા.૧૮-૧૧-૨૦૨૩, લાભપાંચમ-જ્ઞાનપંચમી**

સવારે ૦૮-૨૨ થી ૦૯-૪૧ કલાક

लाभ

# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા

## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર

## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



### ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.


ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

## ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ

**સેવા સમર્પણ ફાઉન્ડેશન**
(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)

**ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ**
(Trust Reg. No. E/20646/Ahmedabad)

**સદગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad |
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(મો) ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯
Email: omkarsampraday@gmail.com | www.sadguruomrushi.com




|| ૐ નમઃ ||



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

આપનું જીવન સુખ-સમૃદ્ધિ અને આનંદદાયક પસાર થાય એ માટે બેસતુંવર્ષ-૨૦૨૩ થી બેસતુંવર્ષ-૨૦૨૪ સુધી કરવા માટે

# ચમત્કારિક મંત્રસાધના

## મંત્ર : ॥ ૐ કાર્યમ કાર્યમ લક્ષ્મીન્ય સિદ્ધા નમઃ ॥

### ૐ શ્રી કાર્યમ ઓરા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ૐ प्रवः ।। | ।। ૐ त्रवः ।। | ।। ૐ रवः ।। |
| ।। ૐ दतकः ।। | ।। ૐ रतकः ।। | ।। ૐ सतकः ।। |
| ।। ૐ धनः ।। | ।। ૐ धनकः ।। | ।। ૐ धनत्यः ।। |

### ૐ શ્રી લક્ષ્મીઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ૐ लक्ष्मीतानीः ।। | ।। ૐ धनतानीः ।। | ।। ૐ कुबेरतानीः ।। |
| ।। ૐ धनशक्तिः ।। | ।। ૐ लक्ष्मीशक्तिः ।। | ।। कुबेरशक्तिः ।। |
| ।। ૐ महालक्ष्मीः ।। | ।। ૐ गजलक्ष्मीः ।। | ।। ૐ अष्टलक्ष्मीः ।। |

### ૐ શ્રી કુબેરામ ધન ચક્ર





(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના બેસતુંવર્ષ-૨૦૨૩ થી બેસતુંવર્ષ-૨૦૨૪ સુધી કરવી. મંત્રદર્શનની આ સાધનાથી આપના જીવનમાં સુખ-સમૃદ્ધિ અને આનંદ આવશે.

॥ ૐ નમઃ ॥



# દીપાવલી મહાપર્વમાં મહાપૂજન માટેની વિધિ

## ધનતેરસની પૂજાવિધિ :

ધનતેરસના દિવસે સર્વપ્રથમ બે બાજઠ પર જુદા-જુદા લાલ કપડા પાથરવા. ત્યારબાદ આપણા જમણા હાથના બાજઠ ઉપર ઘઉં પાથરવા અને બીજા બાજઠ ઉપર ચોખા પાથરવા. ઘઉંવાળા બાજઠ ઉપર ભગવાન શ્રી ગણેશની સ્થાપના કરવી અને ચોખાવાળા બાજઠ ઉપર માતા શ્રી શુભલક્ષ્મીદેવીનો ફોટો અથવા મૂર્તિ તેમજ પાંચ રૂપિયાના સિક્કાની સ્થાપના કરી ત્રણ ફળ, સૂકોમેવો, સાકર અને કોપરાની કાચલી મુકવી. ભગવાન શ્રી ગણેશના સ્થાપન પર ભગવાન શ્રી ગણેશનો ફોટો, સવા કિલો ગોળ, ત્રણ ફળ અને યથાશક્તિ સૂકોમેવો નૈવેદ્ય માટે મુકવો. પછી દીવો અને અગરબત્તી (ધૂપ) કરીને એ સ્થાપન સામે આસન પર બેસીને પૂજાની તૈયારી કરવી. જેમાં એક-એક વાડકીમાં કંકુ-ચંદન પલાળવા. એક વાડકીમાં ચોખા લેવા, એક નાડાછડીની દડી, કપૂર, જનોઇ અને અત્તર તેમજ પુષ્પ(ફૂલ) લેવા અને તમારી આગળ એક થાળી લેવી, સાથે જ એક કળશ અને વાડકીમાં પૂજા માટે પાણી અને એક વાડકીમાં પંચામૃત લેવું. તમારી આગળ રાખેલ થાળીની જમણી બાજુ પાણીની વાડકી ચમચી સાથે મુકવી અને ડાબી બાજુ પંચામૃત મુકવું.

ત્યારપછી સર્વપ્રથમ બે હાથ જોડીને નમસ્કાર કરવા અને પોતાના ઉપર જળ(પાણી) નો છંટકાવ કરવો અને ત્રણ વખત જમણા હાથની હથેળીમાં પાણી લઇને પી જવું. પછી પોતાના કપાળ ઉપર કંકુનું તિલક કરવું અને જમણા હાથે નાડાછડી બાંધવી. ત્યારબાદ હાથમાં પુષ્પ(ફૂલ) લઇને કુળદેવી અને ભગવાન શ્રી ગણેશને વંદન કરવા અને પુષ્પ ભગવાન શ્રી ગણેશના ચરણોમાં અર્પણ કરી દેવા. ત્યારબાદ નમસ્કાર કરીને દીવાને પગે લાગવું. ત્યારબાદ બે દાણા ચોખા ભગવાન શ્રી ગણેશ ઉપર ચઢાવવા અને ફરી હાથમાં પુષ્પ રાખીને ધનસ્વરૂપ માતા શ્રી શુભલક્ષ્મીદેવીને વંદન કરવા અને પુષ્પ માતાજીના ચરણોમાં અર્પણ કરી દેવા અને બે દાણા ચોખા ચઢાવવા. એ પછી ભગવાન શ્રી ગણેશ અને પાંચ રૂપિયાના સિક્કા થાળીમાં લેવા, પછી બધા દેવ ઉપર ત્રણ-ત્રણ ચમચી પાણી અને પાંચ-પાંચ ચમચી પંચામૃત ચઢાવવું ત્યારબાદ એક પુષ્પ ભગવાનની ઉપર (થાળીમાં) ચઢાવીને નમસ્કાર કરવા અને પછી કળશ લઇને બધા દેવો ઉપર જળની ધારા કરવી અને મનમાં "॥ ૐ ધનિતા ધનિતા ધનલક્ષ્મીદેવી નમઃ ॥" નો ૩૬ વખત જાપ કરીને બધા દેવ-દેવીને વારાફરતી સ્નાન કરાવીને સ્વચ્છ વસ્ત્ર(કપડાં) દ્વારા લૂછીને પાછા સ્થાપનમાં મુકવા. ત્યારબાદ એક ફૂલમાં અત્તર લઇને બધા દેવ-દેવીને ચઢાવવું. ચંદન અને કંકુના તિલક કરીને ચોખા ચઢાવવા અને એકવાર ૐઋષિ રચિત 'ૐકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા'નો પાઠ કરવો.

**મંત્ર : ॥ ૐ ધનિતા ધનિતા ધનલક્ષ્મીદેવી નમઃ ॥**

**ઉત્થાપનની રીત :** બીજા દિવસે સવારે ૭ થી ૧૦ માં ચોખા વધાવીને આ વિધિ (સ્થાપન) નું ઉત્થાપન કરવું.

## કાળી ચૌદશની પૂજાવિધિ :



સૌપ્રથમ એક લાકડાના બાજઠ કે પાટલા ઉપર પીળા કલરનું કપડું પાથરીને તેના ઉપર લોખંડનો ટુકડો મુકવો. સ્થાપન રાત્રે ૮ થી ૧૨માં કરવું. ત્યારબાદ સ્થાપન સામે આસન પર બેસીને નીચે આપેલા મંત્રનો ૩૬ વખત જાપ કરવો અને એકવાર ૐઋષિ રચિત 'ૐકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા'નો પાઠ કરવો. બીજા દિવસે સ્થાપનનું ઉત્થાપન કરી લેવું અને સ્થાપનમાં મુકેલી વસ્તુઓ પીળા કપડામાં બાંધીને નદીમાં પધરાવી દેવી.

**મંત્ર : ॥ ૐ મહાદેવી સર્વસિદ્ધિ મહાકાલીદેવી નમો નમઃ ॥**



॥ ૐ નમઃ ॥



## દિવાળી-ચોપડાપૂજનની પૂજાવિધિ :

સર્વપ્રથમ બે બાજઠ લેવા. એમાંથી એક બાજઠ ઉપર લાલ કાપડ પાથરીને પોતાની આગળ જમણી બાજુ મુકવું અને બીજા બાજઠ ઉપર સફેદ કાપડ પાથરીને પહેલા બાજઠ પાસે ડાબી બાજુમાં મુકવું. ત્યારબાદ લાલ કપડાવાળા બાજઠ ઉપર ઘઉં પાથરીને ભગવાન શ્રી ગણેશના ફોટા કે મૂર્તિનું સ્થાપન કરવું. સફેદ કપડાવાળા બાજઠ ઉપર ચોખા પાથરી માતા શ્રી શુભલક્ષ્મીદેવીનો ફોટો અથવા મૂર્તિનું સ્થાપન તથા માતા શ્રી શારદાદેવી(ચોપડા)નું સ્થાપન કરવું. ભગવાન શ્રી ગણેશના સ્થાપન પર સવા કિલો ગોળ, ત્રણ ફળ અને યથાશક્તિ સૂકોમેવો નૈવેદ્ય માટે મુકવો. માતા શ્રી શુભલક્ષ્મીદેવીના સ્થાપનમાં પાંચ ફળ, સૂકો મેવો, સાકર અને મીઠાઇ મુકવી. પછી દીવો અને અગરબત્તી (ધૂપ) કરીને એ સ્થાપન સામે આસન પર બેસીને પૂજાની તૈયારી કરવી. જેમાં એક-એક વાડકીમાં કંકુ-ચંદન પલાળવા. એક વાડકીમાં ચોખા લેવા, અક નાડાછડીની દડી, કપૂર, જનોઇ અને અત્તર તેમજ પુષ્પ(ફૂલ) લેવા અને તમારી આગળ એક થાળી લેવી, સાથે જ એક કળશ અને વાડકીમાં પૂજા માટે પાણી અને એક વાડકીમાં પંચામૃત લેવું. તમારી આગળ રાખેલ થાળીની જમણી બાજુ પાણીની વાડકી ચમચી સાથે મુકવી અને ડાબી બાજુ પંચામૃત મુકવું.

ત્યારપછી સર્વપ્રથમ બે હાથ જોડીને નમસ્કાર કરવા અને પોતાના ઉપર જળ(પાણી) નો છંટકાવ કરવો અને ત્રણ વખત જમણા હાથની હથેળીમાં પાણી લઇને પી જવું. પછી પોતાના કપાળ ઉપર કંકુનું તિલક કરવું અને જમણા હાથે નાડાછડી બાંધવી. ત્યારબાદ હાથમાં પુષ્પ(ફૂલ) લઇને કુળદેવી અને ભગવાન શ્રી ગણેશને વંદન કરવા અને પુષ્પ ભગવાન શ્રી ગણેશના ચરણોમાં અર્પણ કરી દેવા. ત્યારબાદ નમસ્કાર કરીને દીવાને પગે લાગવું. ત્યારબાદ બે દાણા ચોખા ભગવાન શ્રી ગણેશ ઉપર ચઢાવવા અને ફરી હાથમાં પુષ્પ રાખીને માતા શ્રી શુભલક્ષ્મીદેવી અને માતા શ્રી શારદાદેવી(ચોપડા)ને વંદન કરવા અને પુષ્પ માતાજીના ચરણોમાં અર્પણ કરી દેવા અને બે દાણા ચોખા ચઢાવવા. એ પછી ભગવાન શ્રી ગણેશ અને માતાશ્રી શુભલક્ષ્મીદેવીને થાળીમાં લેવા, પછી ત્રણ-ત્રણ ચમચી પાણી અને પાંચ-પાંચ ચમચી પંચામૃત ચઢાવવું ત્યારબાદ એક પુષ્પ ભગવાનની ઉપર (થાળીમાં) ચઢાવીને નમસ્કાર કરવા અને પછી કળશ લઇને બધા દેવો ઉપર જળની ધારા કરવી અને મનમાં "॥ ૐ લક્ષ્મીત્ય લક્ષ્મીત્ય વામજ નમઃ ॥" નો ૩૬ વખત જાપ કરીને બધા દેવોને વારાફરતી સ્નાન કરાવીને સ્વચ્છ વસ્ત્ર(કપડાં) દ્વારા લૂછીને પાછા સ્થાપનમાં મુકવા. ત્યારબાદ એક ફૂલમાં અત્તર લઇને ભગાવાન શ્રી ગણેશ અને માતા શ્રી શુભલક્ષ્મીદેવીને ચઢાવવું. પછી ચંદન અને કંકુના તિલક કરીને પુષ્પ ચઢાવી ચોખા ચઢાવવા. ત્યારબાદ લાલ પેનને પાંચ ચાંલ્લા કરવા અને પછી ચોપડામાં પાંચ પરમેશ્વરના નામ લખી ચોપડા માતા શ્રી શુભલક્ષ્મીદેવીના સ્થાપન પર મુકવા અને દરેક ચોપડાઓમાં એક-એક કપૂરી પાન, એના પર શેરડીનો ટુકડો અને કમળકાકડી, ચોળી, ચીભડાં અને બોર મુકવા પછી ભગવાનને વંદન કરીને એકવાર ૐઋષિ રચિત 'ૐકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા' પાઠ કરવો.

### મંત્ર : ॥ ૐ લક્ષ્મીત્ય લક્ષ્મીત્ય વામજ નમઃ ॥

**ઉત્થાપનની રીત** :- બીજા દિવસે સવારે ૭ થી ૧૦ માં ચોખા વધાવીને આ વિધિ (સ્થાપન) નું ઉત્થાપન કરવું.

## નૂતન વર્ષમાં પેઢી ખોલવા માટે મુહૂર્તવિધિ :



નૂતન વર્ષમાં પેઢી ખોલવા માટે મુહૂર્તવિધિ :

બેસતા વર્ષના દિવસે અથવા લાભપાંચમના દિવસે અથવા જ્યારે નવા વર્ષમાં પેઢીનું મુહૂર્ત કરો તે દિવસે સવારે મુહૂર્તના સમયે દુકાન કે ઓફિસની બહાર એક શ્રીફળ વધેરવું અને ચપટી કંકુ એના પર પધરાવવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૩૬ વખત બોલી દુકાન કે ઓફિસનું તાળું ખોલવું.

### મંત્ર : ॥ ૐ ત્રુમાજ્ય ત્રુમાજ્ય લક્ષ્મીતાની નમઃ ॥

॥ ૐ નમઃ ॥

# ૐકારના દિવ્ય ચૈતન્યને જાગૃત કરી મોક્ષનું પથદર્શક બનનાર

## પવિત્ર-પૂર્ય (પુસ્તક)

# "ૐ" એક મહામંત્ર




**ખાસ નોંધ :**

(૧) મોક્ષના પથ પર ચાલનાર દરેક પ્રવાસીએ આ પુસ્તકને અવશ્ય વસાવી, મોક્ષના પથ ઉપર આગળ વધવાની ઇચ્છાને આ પુસ્તક સાર્થક કરશે.

(૨) આ પુસ્તકની ખૂબ જ મર્યાદિત પ્રતો છાપવામાં આવેલી હોવાથી જેમણે આ પુસ્તક મેળવેલ ના હોય તેમણે અવશ્ય મેળવી લેવું.

(૩) ઘણાં બધા ભક્તજનો આ પુસ્તકમાં કાયમી દાતા તરીકે પોતાનું નામ લખાવવાની ઇચ્છા હોવા છતાં નામ નોંધાવી શક્યા નથી એ દરેક ભક્તજનોએ આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ થતા પહેલા કાયમી દાતા તરીકે પોતાનું નામ સુનિશ્ચિત કરી લેવું.

– લી. ૐકાર સેવાદળ

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૧૦-૨૦૨૩ | શનિવાર | ૐ વામીલ્ય |
| ૨૨-૧૦-૨૦૨૩ | રવિવાર | ૐ કાવીત્ય |
| ૨૩-૧૦-૨૦૨૩ | સોમવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૪-૧૦-૨૦૨૩ | મંગળવાર | ૐ કુબેરાતી |
| ૨૫-૧૦-૨૦૨૩ | બુધવાર | ૐ મંગલતાની |
| ૨૬-૧૦-૨૦૨૩ | ગુરુવાર | ૐ ધનશક્તિ |
| ૨૭-૧૦-૨૦૨૩ | શુક્રવાર | ૐ લક્ષ્મીમહાદેવી |
| ૨૮-૧૦-૨૦૨૩ | શનિવાર | ૐ ગુરૂતાની |
| ૨૯-૧૦-૨૦૨૩ | રવિવાર | ૐ સૂર્યતાની |
| ૩૦-૧૦-૨૦૨૩ | સોમવાર | ૐ બુધતાની |
| ૩૧-૧૦-૨૦૨૩ | મંગળવાર | ૐ કેતુતાની |
| ૦૧-૧૧-૨૦૨૩ | બુધવાર | ૐ રાહુતાની |
| ૦૨-૧૧-૨૦૨૩ | ગુરુવાર | ૐ ચંદ્રતાની |
| ૦૩-૧૧-૨૦૨૩ | શુક્રવાર | ૐ શુક્રતાની |
| ૦૪-૧૧-૨૦૨૩ | શનિવાર | ૐ પ્રવલ્ય |
| ૦૫-૧૧-૨૦૨૩ | રવિવાર | ૐ શશાકીતા |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૧૧-૨૦૨૩ | સોમવાર | ૐ વજાકીતા |
| ૦૭-૧૧-૨૦૨૩ | મંગળવાર | ૐ ઢુંડકદેવ |
| ૦૮-૧૧-૨૦૨૩ | બુધવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૦૯-૧૧-૨૦૨૩ | ગુરુવાર | ૐ ક્ષેત્રપાળવીર |
| ૧૦-૧૧-૨૦૨૩ | શુક્રવાર | ૐ સિદ્ધાદેવી |
| ૧૧-૧૧-૨૦૨૩ | શનિવાર | ૐ અંબાશક્તિ |
| ૧૨-૧૧-૨૦૨૩ | રવિવાર | ૐ મહાલક્ષ્મી |
| ૧૩-૧૧-૨૦૨૩ | સોમવાર | ૐ ગુરૂલક્ષ્મી |
| ૧૪-૧૧-૨૦૨૩ | મંગળવાર | ૐ સૂર્યલક્ષ્મી |
| ૧૫-૧૧-૨૦૨૩ | બુધવાર | ૐ શનિલક્ષ્મી |
| ૧૬-૧૧-૨૦૨૩ | ગુરુવાર | ૐ શનિતાવી |
| ૧૭-૧૧-૨૦૨૩ | શુક્રવાર | ૐ શુક્રત્ય |
| ૧૮-૧૧-૨૦૨૩ | શનિવાર | ૐ દિવ્યતમ |
| ૧૯-૧૧-૨૦૨૩ | રવિવાર | ૐ કાર્યતમ |
| ૨૦-૧૧-૨૦૨૩ | સોમવાર | ૐ શુભાલ્ય |

## • સટીક પ્રયોગ •

### ખરાબ સમયમાંથી બહાર નીકળવા માટેનો ચમત્કારિક સટિક પ્રયોગ

સૌપ્રથમ લાલ કલરનું વસ્ત્ર લેવું. એમાં પાંચ સોપારી મુકી એની પોટલી બનાવવી. ત્યારબાદ એ પોટલી હાથમાં લઇ નીચે આપેલો મંત્ર રોજ ૯ વખત કરી સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ પ્રક્રિયા આપ ખરાબ સમયમાંથી બહાર ના નીકળો ત્યાં સુધી ચાલુ રાખવી. આ પ્રક્રિયા કરતી વખતે પોટલી રોજ બદલવાની નથી. એક જ પોટલી રાખવાની છે. આપનું કાર્ય પરિપૂર્ણ થયા બાદ પોટલી નદીમાં અથવા તો ઝાડ-છોડમાં વિસર્જિત કરી દેવી. આ પ્રક્રિયા આપ શ્રદ્ધા સાથે નિયમિત કરશો તો એનું અસરકારક પરિણામ ચોક્કસ મળશે.

**મંત્ર : ॥ ૐ પ્રબલ્યાની પ્રબલ્યાની મુક્તિતા નમઃ ॥**

**મંત્ર કરવાનો સમય : આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.**

॥ ૐ નમઃ ॥



## સફળતાના શિખરો
## સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.

# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ **સર્વતાસિદ્ધ ઉદ્વાગ (કળશ)** જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઇ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

કાળીચૌદશ થી આવનારી કાળીચૌદશ દરમ્યાન આપ નકારાત્મક ઊર્જાથી દૂર રહો એ માટે

# ૐકાર શ્રી મહાકાલી રક્ષા ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ।। ॐ श्री महाकालीदेवीः ।। | ।। ॐ श्री महारक्षादेवीः ।। | ।। ॐ श्री महातिकाः ।। | ।। ॐ श्री ददतरक्षाः ।। | ।। ॐ श्री महाल्यः ।। |
| ।। ॐ श्री शक्तिताचक्रः ।। | ।। ॐ श्री रीभ्यचक्रः ।। | ।। ॐ श्री त्रशामीताचक्रः ।। | ।। ॐ श्री रामल्यः ।। | ।। ॐ श्री कावल्यः ।। |
| ।। ॐ श्री कामम्यः ।। | ।। ॐ श्री लावव्यः ।। | ॐकार संप्रदाय (धार्मिक आध्यात्मिक पथ) | ।। ॐ श्री वींदातः ।। | ।। ॐ श्री रक्षल्यः ।। |
| ।। ॐ श्री अंबादेवीः ।। | ।। ॐ श्री केतुश्वरः ।। | ।। ॐ श्री राहुवेश्वरः ।। | ।। ॐ श्री सूर्येश्वरः ।। | ।। ॐ श्री शनिश्वरः ।। |
| ।। ॐ श्री बुद्धेश्वरः ।। | ।। ॐ श्री चंद्रेश्वरः ।। | ।। ॐ श्री गुरुवेश्वरः ।। | ।। ॐ श्री मंगलेश्वरः ।। | ।। ॐ श्री शुक्रेश्वरः ।। |

ઉપર આપેલ ૐકાર શ્રી મહાકાલી રક્ષા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું.
કાળીચૌદશ થી આવનારી કાળીચૌદશ દરમ્યાન રોજ ૨૦ સેકન્ડ આ ચક્રને જોવું.



।। ૐ નમઃ ।।

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કલરના કપડામાં ચોખાના સાત દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના કપડામાં ચોખાના છ દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનનાં કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ બાંધી પોટલી કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના કપડામાં ચોખાના ત્રણ દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

## મારી પીડા ગુરુજીએ દૂર કરી

છેલ્લા વીસ વર્ષથી હું પેટના દુખાવાથી ત્રસ્ત હતી. ખૂબ જ દવાઓ કરી પરંતુ કોઇ ફાયદો થતો ન હતો. ડોક્ટરે કીધેલા રીપોર્ટો કઢાવ્યા છતાં પણ રોગ પકડાતો ન હતો. અમે ખૂબ મૂંઝાઇ ગયા હતાં. એવા સમયે હું પરમ પૂજ્ય ગુરુજીના દર્શન કરવા માટે ગઇ. મારી આ પીડાનું સમાધાન મને મળે એવી આશા સાથે હું એમના શરણે ગઇ હતી. પરમ પૂજ્ય ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઇ કહ્યું કે તમને **"ત્રિવાજદોષ"** છે અને એના માટે દિવ્ય મંત્ર આપ્યો. એ મંત્ર અને ૐકાર ચાલીસાની સાથે સાથે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સદ્‌ગુરુ ૐઋષિ યુ-ટ્યુબ ચેનલમાં દર મહિને આપવામાં આવતો શારીરિક કષ્ટ નિવારણ માટેનો મંત્રશક્તિપાત સાંભળવાનું કહ્યું.

કોઇને કહું તો કોઇ માને નહીં પરંતુ મારી ૨૨ વર્ષથી પેટના દુઃખાવાની પીડા દિવ્ય મંત્ર, શારીરિક કષ્ટ નિવારણ માટેનો મંત્રશક્તિપાત અને ૐકાર ચાલીસાના પઠનથી અને લેખનથી દૂર થઇ ગઇ, આ સત્ય છે. પહેલા હું ઘરનું ખાવાનું પણ બરાબર ખાઇ શકતી ન હતી. પરંતુ હવે ઘરનું અને બહારનું ખાવાનું પણ સરળતાથી ખાઇ શકું છું. પરમ પૂજ્ય ગુરુજીએ આપેલા આશીર્વાદ મને પૂર્ણરૂપે ફળ્યા છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા દંડવત નમન....

**લી. સંધ્યા દવે (અમદાવાદ)**

**આપ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્‌ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર મહિને આપવામાં આવતો શારીરિક કષ્ટ નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો. તેમજ ૐકાર ચાલીસા લેખન અને પઠન નિત્ય કરો.**

## ચારધામની યાત્રા સફળ થઇ

હું છેલ્લા દસ વર્ષથી ચારધામની યાત્રાનો સંકલ્પ કરીને બેઠી હતી. મારા શરીરમાં ખૂબ જ પીડા રહેતી હતી. મારા ઘરથી પાંચ મિનિટના અંતરે આવેલ મહાદેવ મંદિરે પણ હું જઇ શકતી ન હતી, તો ચારધામની યાત્રાએ જવું મારા માટે અશક્ય હતું. મારો દીકરો નિલેશ મને ગુરુજીના દર્શન માટે લઇ ગયો. પરમ પૂજ્ય ગુરુજીએ મારા માથા ઉપર હાથ મુક્યો અને કહ્યું કે તમારી ઈચ્છા પૂર્ણ થાય.

મેં મારી ચારધામની યાત્રાએ જવાની ઈચ્છા એમની સામે વ્યક્ત કરી હતી. પરમ પૂજ્ય ગુરુજીએ મને ખુરશીમાં બેસાડીને મંત્રશક્તિપાત આપ્યો અને કહ્યું કે આ વખતે તમારી ચારધામની યાત્રા નિર્વિઘ્ને પાર પડી જશે. મારા દીકરાએ મને હિંમત આપી અને ગુરુજીના શબ્દોના સહારે ચારધામની યાત્રા સીત્તેર વર્ષની ઉંમરે કરીને નિર્વિઘ્ને પરત આવી. ચારધામની યાત્રાથી મારું જીવન ધન્ય થઈ ગયું અને મારા જીવનની એકમાત્ર ઈચ્છા ગુરુજીએ પરિપૂર્ણ કરી નાખી. ચારધામની યાત્રામાં હું સતત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરતી હતી. હવે હું આને ચમત્કાર ના કહું તો શું કહું!!! ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.....

**લી. મંગળાબેન (વડોદરા)**

**આપ પણ આપની આવી કોઈ ઈચ્છા પૂર્ણ કરવા માંગતા હોય તો પરમ પૂજ્ય ગુરુજી રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ રોજ નિયમિત કરો. આપની ઈચ્છા ગુરુજીના આશીર્વાદથી અવશ્ય પૂર્ણ થશે.**

## સૂર્યવિદન્ત્યદેવના શ્લોકોથી મને ખૂબ ફાયદો થયો

મારું નામ જીગ્નેશ દેસાઈ છે. હું પરમ પૂજ્ય ગુરુજી દ્વારા લખવામાં આવતી સૂર્યવિદન્ત્યદેવની કથા નિયમિત રીતે વાંચું છું અને એમણે લખેલા શબ્દોથી એ સમયમાં હું ખોવાઈ જઉં છું. કથાનો એકનો એક ભાગ પણ હું મહિનામાં બે થી ત્રણ વાર વાંચન કરું છું. આ સાથે સૂર્યવિદન્ત્યદેવના ગુરુજી દ્વારા આપવામાં આવતા શ્લોકો પણ હું નિયમિત રીતે કરું છું. જેના કારણે મારા ધંધામાં મને ખૂબ જ ફાયદો થયો છે.

ઘણીવાર ફેક્ટરીમાં ઓર્ડર ઓછા હોય ત્યારે હું ૧૮ વખત શ્લોક કરું અને કામ અડધો કલાકમાં તો આવી જાય. આ રીતે સૂર્યવિદન્ત્યદેવના શ્લોકથી છેલ્લા ત્રણ વર્ષમાં બોપલમાં બંગલો અને બીજી ફેક્ટરી માટે મેં જગ્યા લીધી છે. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી અને શ્રી સૂર્યવિદન્ત્યદેવની કૃપાથી જ આ શક્ય બન્યું છે. આવી જ રીતે એમની કૃપા મારા અને મારા પરિવાર પર સતત વરસતી રહે એવી સહર્ષ પ્રાર્થના સાથે શ્રી સૂર્યવિદન્ત્યદેવ અને પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત નમન...

**લી. કલ્પેશ પટેલ (અમદાવાદ)**

**શ્રી સૂર્યવિદન્ત્યદેવની કૃપા પ્રાપ્ત કરી આપના જીવનમાં આવતા કષ્ટો અને વિઘ્નો દૂર કરવા માટે ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આપવામાં આવતા શ્રી સૂર્યવિદન્ત્યદેવના શ્લોકો અવશ્ય કરો. આપના કષ્ટો અવશ્ય દૂર થશે અને આપનો કોઈ સંકલ્પ હશે તો તે પણ પરિપૂર્ણ થઈ જશે.**

## આર્થિક રીતે સદ્ધર બની ગયો

હું ૨૦૧૬ માં પ. પૂ. ગુરુજીને મળવા માટે ગયો હતો. હું ખૂબ જ આર્થિક રીતે ત્રસ્ત થઈ ગયો હતો. મારા કોઈપણ કાર્ય આર્થિક સીધા પડી રહ્યા ન હતા. પ. પૂ. ગુરુજીને મળવાનું મારા મિત્રના કારણે થયું હતું. મારા મિત્રના જીવનમાં આવેલી મુસીબતો પ. પૂ. ગુરુજીના આશીર્વાદ અને મંત્રથી દૂર થઈ ગઈ હતી અને એ જ આશા સાથે હું ગુરુજીને મળવા ગયો હતો કે મારા જીવનની મુસીબતો અને તકલીફો દૂર થઈ જાય તે માટે પ. પૂ. ગુરુજી કોઈ ચમત્કાર કરે. હું સાવ હાથેપગે આર્થિક રીતે આવી ગયો હતો. પ. પૂ. ગુરુજીએ મારી મુખ મુદ્રા અને ઓરા જોઈ મને એક દિવ્ય મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ નિત્ય કરવાનું કહ્યું. પ. પૂ. ગુરુજીની સૂચના પ્રમાણે મેં મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ ચાલુ કર્યો.

લગભગ મહિનામાં પરિસ્થિતિ મારી તરફેણમાં આવવા લાગી. મારા ધંધામાં થોડા થોડા પ્રગતિના એંધાણ દેખાઈ રહ્યા હતા અને લગભગ છ મહિનામાં આર્થિક રીતે એક બદલાવ એક પરિવર્તન આવ્યું. પરિવર્તન એવું આવ્યું કે હું જે વસ્તુ બનાવતો હતો એ વસ્તુ મને લોખંડમાં બનાવવાનો ઓર્ડર મળ્યો અને ત્યારબાદ મેં પાછા વળીને જોયું નથી. પ. પૂ. ગુરુજીના આશીર્વાદથી જ હું આર્થિક રીતે ખૂબ સધ્ધર છું. પ. પૂ. ગુરુજીના મંત્ર, ૐકાર ચાલીસાએ અને યુટ્યુબ પર આવતા મંત્ર શક્તિપાતથી મારા જીવનમાં અમૂલ પરિવર્તન થયું છે. હું ક્ષેત્રપાળવીરના દર્શન કરવા માટે પાનવા તીર્થ પણ 15થી વધુ વાર જઈ આવ્યો છું. પ. પૂ. ગુરુજીને મળ્યા બાદ જ હું સમજી શક્યો કે મંત્ર અને ૐકાર ચાલીસા જો શ્રદ્ધા અને આસ્થા સાથે કરવામાં આવે તો ગુરુજી ચમત્કાર કરી શકે છે. ગુરુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત.

**આપ પણ આપના જીવનમાં આવી કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોય તો પ.પૂ. ગુરુજીની સદ્ગુરુ ૐઋષિ યુ-ટ્યુબ ચેનલ પર દર પૂનમના દિવસે આપવામાં આવતો આર્થિક પ્રગતિ માટેનો મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો. તેમજ ગુરુજી દ્વારા સ્થાપિત ૐકારધામ તીર્થ (પાનવા )માં બિરાજિત કલિદુઃખભંજક શ્રી ક્ષેત્રપાળવીરના દર્શન કરવા મહિનામાં એક એવા સાત રવિવાર જવું.**

# ૐકાર ચાલીસા મંદિર નિર્માણના લાભાર્થે

**નવરાત્રિના પાંચમા પાવન દિવસે (આસો સુદ-૫)**




## ૐકારધામ તીર્થમાં બિરાજમાન
## કલિદુ:ખભંજક ૐ શ્રી ક્ષેત્રપાળવીર મહાયજ્ઞ



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી



**અખૂટ શક્તિના ભંડાર સમાન અને મનવાંછિત ફળ પ્રાપ્ત કરાવનાર ૐકારધામ તીર્થમાં બિરાજમાન કલિદુ:ખભંજક ૐ શ્રી ક્ષેત્રપાળવીરના મહાયજ્ઞનું આયોજન ૐકારધામતીર્થ – પાનવા ખાતે કરવામાં આવેલ છે.**

**તારીખ : ૧૯-૧૦-૨૦૨૩, ગુરુવાર**
**તિથિ : આસો સુદ-૫**
**સમય : સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી**
**સ્થળ : ૐકારધામ તીર્થ, પાનવા**

### ખાસ સૂચના:

(૧) આ મહાયજ્ઞમાં ભાગ લેનાર પરિવારજનોએ આગલા દિવસે ૐકારધામ તીર્થ, પાનવા ખાતે આવી જવાનું રહેશે. (૨) આપ સર્વની રહેવાની, ભોજનની તેમજ અમદાવાદથી ૐકારધામ તીર્થ, પાનવા લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. (૩) મહાયજ્ઞ કુંડ ખૂબ મર્યાદિત રાખવામાં આવેલ હોવાના કારણે આપે આપનું નામ **મોબાઈલ નંબર : ૯૯૯૮૩૩૫૩૨૭** પર નોંધાવી દેવાનું રહેશે. (૪) એક યજ્ઞકુંડ પર પરિવારના પાંચ સભ્યો લાભ લઈ શકશે. (૫) મહાયજ્ઞમાં પુરુષોએ સફેદ ઝભ્ભો-લેંઘો અને બહેનોએ ગુલાબી રંગની સાડી પહેરવાની રહેશે.

### ૐ શ્રી ક્ષેત્રપાળવીરના મહાયજ્ઞથી થતા ફાયદા

(૧) આર્થિક ઉન્નતિમાં અવિરત વધારો થાય અને ઘરમાં ધન સ્થિર થાય તથા દેવામાંથી મુક્ત થવા. (૨) શારીરિક પીડા અને તકલીફો દૂર રહે. (૩) બાહ્ય અવરોધો અને આવતી બાધામાંથી મુક્તિ મળે તથા નજર કે ટોક લાગે નહિ. (૪) લગ્નમાં બાધા આવતી હોય કે સામાજિક જીવનમાં કષ્ટ હોય તે દૂર થાય તથા કાયદાકીય મુશ્કેલીમાંથી બહાર નીકળાય. (૫) આ મહાન યજ્ઞથી આપના ઘરની દિવ્ય રક્ષા થાય અને કોઈ બંધન ન રહે. (૬) સંતાન પ્રાપ્તિ કાર્ય સિદ્ધ થાય. (૭) તમારી અંદર શક્તિ અને સામર્થ્ય વધારે, સર્વકાર્ય સિદ્ધ થાય. (૮) દરેક કામમાં વિજય અપાવે અને રક્ષા કરે. (૯) શરીરમાં ના પકડાતા રોગોને દૂર કરી દર્દ મીટાવે. (૧૦) ભક્તોને ભય મુક્ત બનાવે, આસુરી શક્તિ આપના ઉપર હાવિ ના થાય અને શત્રુઓથી આપની રક્ષા કરે. (૧૧) આધ્યાત્મિક કાંતિ અને મંત્ર જ્ઞાન તરફ લઈ જાય. (૧૨) ધારેલી મનોકામના પૂર્ણ કરાવે. (૧૩) કુટુંબ ઉપર આવનારી અણધારી મુશ્કેલી દૂર કરે. (૧૪) શરીરની આસપાસ પવિત્ર રક્ષા કવચ બને.

|| ૐ નમઃ ||

## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન



**શુભ તારીખ**

**૨૮ ઓક્ટોબર, ૨૦૨૩ - શનિવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

પ્રસાદરૂપી ભેટઃ
આવનાર દરેક ભક્તને ગુરુજીનું પેન્ડન્ટ ભેટ સ્વરુપે આપવામાં આવશે.

**સુવર્ણ જયંતી હોલ, શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ, ઇન્ડિયન ઓઇલ પેટ્રોલ પંપની સામે, ઉન્નતિ સ્કૂલની બાજુમાં, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.**

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**


E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org



**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**